# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 17-03-2025** **Morning: 7.45 TO 7.55**
**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં રાયસીના ડાયલૉગ 2025ની 10મી આવૃત્તિનું ઉદ્ઘાટન કરશે.
2) પ્રધાનમંત્રીએ પૉડકાસ્ટર લેક્સ ફ્રિડમૅન સાથેની વાતચીતમાં ભારપૂર્વક કહ્યું કે, 'ભારત શાંતિ માટે પ્રતિબદ્ધ છે.'
3) કેન્દ્રીય નાણામંત્રી નિર્મળા સીતારમણ આજે પ્રધાનમંત્રી ઇન્ટર્નશિપ યોજના- P.M.I.S. માટે એક સમર્પિત એપ્લિકેશન રજૂ કરશે.
4) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ઉત્તર-પૂર્વ રાજ્યોમાં નવા ફોજદારી કાયદાઓના અમલીકરણના કામની સમીક્ષા કરી.
5) ઇંગ્લૅન્ડમાં આજથી કબડ્ડી વિશ્વકપનો પ્રારંભ, ભારત અને ઈટલી વચ્ચે સાંજે પહેલી મેચ રમાશે.

************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## REV PM RAISINA DIALOGUE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં રાયસીના ડાયલોગ 2025ની 10મી આવૃત્તિનું ઉદ્ઘાટન કરશે. ન્યૂ ઝિલેન્ડના પ્રધાનમંત્રી ક્રિસ્ટોફર લક્સન ઉદ્ઘાટન સત્રમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે અને તેઓ સંબોધન કરશે. આ રાયસીના ડાયલોગ કાર્યક્રમ 19 માર્ચ સુધી ચાલશે.

આ વર્ષે “કાળચક્રઃ લોકો, શાંતિ અને પૃથ્વી” એ આ કાર્યક્રમની મુખ્ય વિષયવસ્તુ છે. કાર્યક્રમ દરમિયાન વિશ્વના નીતિ-નિર્માતાઓ અને ચિંતકો છ જેટલા મુખ્ય વિષય પર વિચાર-વિમર્શ કરશે. રાયસીના ડાયલોગ ભારતની ભૂ-રાજનીતિ અને ભૂ-અર્થશાસ્ત્ર પરનો મુખ્ય કાર્યક્રમ છે.

કાર્યક્રમની 10મી આવૃત્તિમાં અંદાજે 125 દેશના પ્રતિનિધિ ભાગ લેશે. દરમિયાન ત્રણ હજાર 500થી વધુ ભાગીદાર વ્યક્તિગત રીતે સંવાદ કરશે. તેની સમગ્ર કાર્યવાહી વિશ્વભરમાં વિવિધ ડિજિટલ પ્લેટફૉર્મના માધ્યમથી કરોડો લોકો જોઈ શકશે.

---

## NEW ZEALAND PM VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં ન્યૂ ઝિલેન્ડના પ્રધાનમંત્રી ક્રિસ્ટોફર લક્સન સાથે બંને દેશના સંબંધના વિવિધ પાસાઓ પર ચર્ચા કરશે. શ્રી લક્સન રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂને મળવા રાષ્ટ્રપતિ ભવન પણ જશે.

શ્રી લક્સન આજે મુંબઈની મુલાકાત દરમિયાન ઉદ્યોગપતિઓ સાથે સંવાદ કરશે. શ્રી લક્સનના પ્રવાસનો ઉદ્દેશ બંને દેશ વચ્ચેના સંબંધ ગાઢ બનાવવા અને પરસ્પર જનસંપર્કને વધારવાનો છે. ઉલ્લેખનીય છે કે, શ્રી લક્સન ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ સાથે પાંચ દિવસના ભારત પ્રવાસે ગઈકાલે નવી દિલ્હી પહોંચ્યા હતા.

---

## PM PODCAST

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારપૂર્વક જણાવ્યું કે, ભારત તટસ્થ નથી, પરંતુ શાંતિ માટે મજબૂતીથી પ્રતિબદ્ધ છે. તેમણે કહ્યું, ભારત શાંતિ અંગે જે પણ બોલે છે, વિશ્વ તેને સાંભળે છે. કારણ કે, ભારત ગૌતમ બુદ્ધ અને મહાત્મા ગાંધીજીની ધરતી છે. શ્રી મોદીએ A.I. સંશોધક અને પૉડકાસ્ટર લેક્સ ફ્રિડમૅન સાથેની વાતચીતમાં કહ્યું, ભારતીય લોકો સદભાવમાં વિશ્વાસ કરે છે, અને તેઓ શાંતિના સમર્થક હોય છે.

રશિયા અને યુક્રેન વચ્ચેના ઘર્ષણ પર પણ શ્રી મોદીએ કહ્યું, બંને દેશ વાતચીત માટે એકસાથે આવશે ત્યારે જ આનું સમાધાન આવશે.

**(BYTE - PM MODI ON RUSSIA UKRAINE WAR)**

શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું કે, ભારત પાકિસ્તાનને આતંકવાદનો માર્ગ છોડવા અનુરોધ કરતું રહ્યું છે.

**(BYTE: PM MODI ON INDO PAKISTAN)**

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પ અંગે શ્રી મોદીએ કહ્યું, તેઓ વિવિધ મંચ પર કોઈને પણ નુકસાન પહોંચાડ્યા વગર ભારતના હિત માટે મજબૂતીથી ઊભા છે.

## (BYTE: PM MODI ON TRUMP)

---

## NIRMALA PMIS

કેન્દ્રીય નાણામંત્રી નિર્મળા સીતારમણ આજે પ્રધાનમંત્રી ઇન્ટર્નશિપ યોજના- P.M.I.S. માટે એક સમર્પિત એપ્લિકેશન રજૂ કરશે, જેનો ઉદ્દેશ યોજનાના બીજા તબક્કા માટે નોંધણીની પ્રક્રિયાને સરળ બનાવી ભાગીદારીને વધારવાનો છે. 31 માર્ચ સુધી નોંધણી કરાવી શકાશે.

મોબાઈલ ફોન પર ઉપલબ્ધ આ ઍપ્લિકેશન અરજદારોને સુવિધા પૂરી પાડશે. ઍપ્લિકેશન લૉન્ચની સાથે જ કોલકાતામાં P.M.I.S.ને સમર્પિત એક સુવિધા કેન્દ્ર પણ સ્થાપિત કરાશે. આ કેન્દ્ર કૉર્પોરેટ બાબતોના મંત્રાલય- M.C.A. અને ભારતીય ઉદ્યોગ સંઘ- C.I.I. વચ્ચેનો સહયોગી પ્રયાસ છે. C.I.I., જે 47 મોડેલ કારકિર્દી કેન્દ્રનું સંચાલન કરે છે. તે ઉમેદવારોને જરૂરી માર્ગદર્શન પૂરું પાડવા P.M.I.S. સેલને એકીકૃત કરશે.

---

## MP CM CHEETAHS

મધ્યપ્રદેશના શ્યોપુરમાં કુનો રાષ્ટ્રીય ઉદ્યાન- K.N.P.માં આજથી વધુ પાંચ ચિત્તા જોવા મળશે. મધ્યપ્રદેશના મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવે સોશિયલ મીડિયા સંદેશમાં આ માહિતી આપતા જણાવ્યું કે, દક્ષિણ આફ્રિકાથી લવાયેલા ગામિની નામના માદા ચિત્તાને આવતીકાલે K.N.P.માં મુક્ત કરાશે.

ગામિની સાથે તેમના 2 નર અને 2 માદા બચ્ચા પણ સાથે રહેશે, જે ઉદ્યાટનના ખજૂરી પ્રવાસન વિસ્તારમાં સંરક્ષણ પ્રયાસો માટે વધુ એક સીમાચિહ્ન બનશે. આ વર્ષે ફેબ્રુઆરી મહિનામાં કુનો રાષ્ટ્રીય ઉદ્યાનમાં ચાર ચિત્તા મુક્ત કરાયા હતા. આ ત્રીજી વખત છે, જ્યારે ચિત્તાઓને K.N.P.માં મુક્ત કરાઈ રહ્યા છે.

---

## REV AMIT SHAH ASSAM

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગઈકાલે ગુવાહાટીમાં ઉત્તર-પૂર્વ રાજ્યોમાં નવા ફોજદારી કાયદાઓના અમલીકરણના કામની સમીક્ષા કરી. બેઠકમાં ઉત્તર-પૂર્વ રાજ્યના મુખ્યમંત્રીઓ અને મણિપુરના રાજ્યપાલ ઉપસ્થિત રહ્યા હતા.

કેન્દ્રીય મંત્રીએ આ પ્રસંગે એક પુસ્તિકા નવા ફોજદારી કાયદા- માનક સંચાલન પ્રક્રિયા અને નિયમ પણ જાહેર કર્યા હતા, જે આસામની ગુના તપાસ વિભાગે તૈયાર કરી છે. બેઠકમાં પોલીસ, જેલ, અદાલત, કાર્યવાહી

ગુના તપાસ વિજ્ઞાન સંબંધિત નવી જોગવાઈની વર્તમાન સ્થિતિ અને પ્રક્રિયાની સમીક્ષા કરવામાં આવી.

બેઠકમાં કેન્દ્રીય ગૃહસચિવ, ઉત્તર-પૂર્વ રાજ્યોના મુખ્યસચિવ અને પોલીસ મહાનિદેશક તેમ જ કેન્દ્રીય ગૃહ મંત્રાલય અને રાજ્ય સરકારોના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

---

## DOVAL GABBARD

રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલે ગઈકાલે નવી દિલ્હીમાં અમેરિકાનાં રાષ્ટ્રીય ગુપ્તચર નિદેશક તુલસી ગબાર્ડ સાથે બેઠક યોજી હતી. સૂત્રોના જણાવ્યાં મુજબ, તુલસી ગબાર્ડે શ્રી ડોભાલ સાથે ભારત અને અમેરિકાના સંબંધોના અનેક પાસાઓ પર વિસ્તૃત ચર્ચા કરી હતી. તુલસી ગબાર્ડ પોતાનાં બહુ-રાષ્ટ્રીય પ્રવાસ અંતર્ગત ભારત આવ્યાં છે.

શ્રીમતી ગબાર્ડે કહ્યું હતું કે, તેઓ જાપાન, થાઈલૅન્ડ અને ભારત જશે તેમ જ ફ્રાન્સમાં થોડા સમય માટે રોકાશે. ટ્રમ્પ તંત્રનાં ટોચનાં અધિકારી તરીકે આ શ્રીમતી ગબાર્ડનો બીજો આંતર-રાષ્ટ્રીય પ્રવાસ છે. ગત મહિને તેઓ મ્યૂનિખ સુરક્ષા સંમેલનમાં ભાગ લેવા માટે જર્મની ગયાં હતાં.

તેમના પ્રવાસનો એશિયા તબક્કો મંગળવારે દિલ્હીમાં સુરક્ષા અધિકારીઓના બહુ-રાષ્ટ્રીય સંમેલન, રાયસીના સંવાદમાં તેમનાં સંબોધન સાથે પૂર્ણ થશે. તેમને રાયસીના સંવાદ માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આમંત્રણ આપ્યું હતું.

---

# KABADDI WORLD CUP 2025

ઇંગ્લેન્ડમાં આજથી કબડ્ડી વિશ્વકપ 2025નો પ્રારંભ થઈ રહ્યો છે. ભારતીય પુરુષ ટીમ ઇટાલી સામે વૉલ્વર-હૅમ્પટનમાં પોતાના અભિયાનની શરૂઆત કરશે. આ મૅચ ભારતીય સમય મુજબ, સાંજે સાડા પાંચ વાગ્યે શરૂ થશે. સાત દિવસ ચાલનારી ટૂર્નામૅન્ટમાં યુનાઈટેડ કિંગ્ડમના વેસ્ટ મિડલૅન્ડ્સ ક્ષેત્રમાં બર્મિંઘમ, કૉવેન્ટ્રી, વૉલ્સૉલ અને વૉલ્વર-હેમ્પ્ટનમાં 60થી વધુ મૅચ રમાશે.

પુરુષ વર્ગમાં 10 ટીમ ભાગ લેશે. તેમને બે બરાબર સમૂહ ‘એ’ અને ‘બી’માં વહેંચવામાં આવશે. ગૃપ એ-માં હંગેરી, પૉલૅન્ડ, જર્મની અને અમેરિકા, જ્યારે ગૃપ બી-માં ભારત, ઇટાલી, સ્કૉટલૅન્ડ, વૅલ્સ અને હૉંગકૉંગ ચીન સામેલ છે. બીજી તરફ મહિલાઓના વર્ગમાં છ ટીમને ‘ડી’ અને ‘ઈ’ ગૃપમાં વહેંચવામાં આવી છે. ભારત વૅલ્સ અને પૉલૅન્ડ સાથે ગૃપ ‘ડી’માં સ્પર્ધા કરશે. ઉલ્લેખનીય છે કે, વિશ્વ કબડ્ડી દ્વારા આયોજિત આ બીજો કબડ્ડી વિશ્વકપ છે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે અનિલ પટેલ

- સંદેશ હેડલાઇનમાં જણાવે છે કે, આતંકી હાફિઝ ફાયરિંગમાં ઘવાયોઃ તેના ભત્રીજા મોસ્ટ વોન્ટેડ આંતંકી અબૂ કતાલનું મોત. આ સમાચાર રાજસ્થાન પત્રિકા, ટાઇમ્સ ઓફ ઇન્ડિયા અને ઇન્ડિયન એક્સપ્રેસમાં પ્રથમ પાને છે.
- ગુજરાત સમાચારની હેડલાઇન છે-હુથી બળવાખોરો પર અમેરિકાની એરસ્ટ્રાઇક-31નાં મોત,
- બલોચ આર્મીએ પાકિસ્તાનમાં ટ્રેન બાદ સેનાના કાફલા પર કરેલા હૂમલામાં 90 સૈનિકનાં મોત- આ સમાચાર ફુલછાબની હેડલાઇન છે, જ્યારે મોટાં ભાગના દૈનિકોએ તેને પ્રથમ પાને સ્થાન આપ્યું છે.
- પ્રધાનમંત્રી મોદીએ  પોડકાસ્ટર લેક્સ ફ્રિડમેનને આપેલી મુલાકાતના સમાચારને પણ અનેક દૈનિકોએ પ્રથમ પાને ચમકાવ્યા છે
- નવ મહિનાથી અવકાશમાં ફસાયેલાં સુનિતા વિલિયમ્સને લાવવા સ્પેસક્રાફ્ટ પહોંચ્યું- આ સમાચાર દિવ્ય ભાસ્કર, નવગુજરાત સમય, રાજસ્થાન પત્રિકા અને ઇન્ડિયન એક્સપ્રેસે તસવીર સાથે પ્રકાશિત કર્યા છે.
- ઇકોનોમિક ટાઇમ્સ લખે છે, ફુગાવો ઘટવાથી એપ્રિલ મહિનામાં વ્યાજદરમાં 0.25 ટકાનો ઘટાડો શક્ય છે.
- કેદારનાથ ધામમાં બિનહિન્દુઓનાં પ્રવેશ પર પ્રતિબંધની તૈયારી- આ સમાચાર પ્રથમ પાને જોવા મળે છે.
- દિવ્ય ભાસ્કર સ્થાનિક સમાચારમાં જણાવે છે – ક્રાઈમ બ્રાન્ચે એક હજાર 100 અસામાજિક તત્વોની તૈયારી કરી, હવે પાસા અને તડીપાર સહિતના પગલા લેવાશે.